KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
Affordable education for All since 1940

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)
વર્ષ: ૮ અંક: ૯૧ જુલાઈ ૨૦૨૬

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ, ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ,
પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

શ્રી એસ. સી. દાણી પ્રાયમરી, સેકેન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ

શિક્ષણ એ ઉજ્જવળ ભવિષ્યનું દ્વાર છે અને પ્રવેશોત્સવ એ તે દ્વાર તરફનું પ્રથમ મંગલમય પગલું છે. – શાળામાં ઉજવાયો પ્રવેશોત્સવ

શ્રી એસ. સી. દાણી શાળામાં પ્રવેશ પામેલા નવા વિદ્યાર્થીઓનું ડ્રમના તાલ સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધોરણ-૧ના વિદ્યાર્થીઓને તેમના વાલીઓના હસ્તે શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી. વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોની ઉત્સાહભરી ઉપસ્થિતિમાં યોજાયેલ આ પ્રવેશોત્સવ સૌના મનમાં નવી આશા, ઉમંગ અને શિક્ષણ પ્રત્યેના વિશ્વાસનો સંદેશ આપી યાદગાર બની રહ્યો.







KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૧ જુલાઈ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શાળા પંચાયત ચૂંટણી : લોકશાહીના પાઠનો જીવંત અનુભવ

વિદ્યાર્થીઓમાં લોકશાહી મૂલ્યો, નેતૃત્વ, જવાબદારી અને સક્રિય નાગરિકત્વની ભાવના વિકસે તે હેતુથી શ્રી એસ.સી.દાણી શાળામાં ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું.

ચૂંટણી પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં ધોરણ ૩ થી ૮ના દરેક વર્ગમાં ગુપ્ત મતદાન દ્વારા સચિવ અને ઉપસચિવની પસંદગી કરવામાં આવી. ત્યારબાદ વર્ગોમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી ધોરણ ૮ના ઉમેદવારો વચ્ચે લોકશાહી પદ્ધતિ અનુસાર પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ. સમગ્ર મતદાન પ્રક્રિયાનું વિદ્યાર્થીઓ સમક્ષ જીવંત નિદર્શન કરવામાં આવ્યું, જેના દ્વારા તેમને મતદાન અને લોકશાહી વ્યવસ્થાનું વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત થયું.



ચૂંટણીના પરિણામે ધોરણ ૮ના વિદ્યાર્થી હેનીલ પટેલ શાળા પંચાયતના પ્રમુખ તથા વિદ્યાર્થીની નિત્યા પટેલ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા.



ઉત્સાહ અને શિસ્તપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયેલી આ ચૂંટણી વિદ્યાર્થીઓ માટે લોકશાહીના મૂલ્યોને અનુભવીને શીખવાનો એક યાદગાર અને પ્રેરણાદાયી અવસર બન્યો. હવે આ સચિવો શાળાના વિવિધ વિભાગો, ઉજવણીઓ અને શાળાની શિસ્તની દેખરેખ રાખવામાં શિક્ષકોને સહભાગી થશે.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૧ જુલાઈ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ

'યુવા આપદા મિત્ર તાલીમ' માં એન.એસ.એસ.ની બહેનોની ઉત્કૃષ્ટ ભાગીદારી



શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજની એન.એસ.એસ.ની આઠ સ્વયંસેવક બહેનોએ તા. 08 થી 14 જુલાઈ, 2026 દરમિયાન નડિયાદ ખાતે યોજાયેલી સાત દિવસીય નિવાસી 'યુવા આપદા મિત્ર તાલીમ' માં ભાગ લીધો. ભારત સરકાર માન્ય આ તાલીમ દ્વારા આપદા વ્યવસ્થાપન અને રાહત કાર્ય અંગે વ્યવહારુ કૌશલ્ય પ્રાપ્ત કરી તેઓ સમાજમાં આપત્તિના સમયે અસરકારક સેવા આપી શકશે.

કવિશ્રી ઉમાશંકર જોશી જયંતિની ઉજવણી



શાહ કે.એસ. આર્ટ્સ કોલેજ અને વી.એમ.પારેખ કોમર્સ કોલેજના ઉપક્રમે કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મ જયંતિ નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. ગાંધીનગરના વાર્તાકાર અને નિબંધકાર શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીએ ઉમાશંકર જોશીના સાહિત્ય, ટૂંકી વાર્તાઓ અને સર્જનપ્રક્રિયા અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાતી સાહિત્યના સમૃદ્ધ વારસાની મૂલ્યવાન જાણકારી પ્રાપ્ત થઈ.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૧ જુલાઈ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વાલી સહભાગિતા - કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાળાઓમાં વાલી મિટિંગોનું અસરકારક આયોજન

નવા શૈક્ષણિક સત્રના શરૂઆતમાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત વિવિધ શાળાઓમાં વાલી મિટિંગોનું અસરકારક આયોજન કરવામાં આવ્યું.

મિટિંગ દરમિયાન વાલીશ્રીઓને શાળાના નિયમો, અભ્યાસક્રમ, શિક્ષણ પદ્ધતિ, નવા શૈક્ષણિક સત્રની કાર્યયોજના તેમજ વર્ષ દરમિયાન યોજાનારી વિવિધ શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા. સાથે જ બાળકના સર્વાંગી વિકાસમાં શાળા અને વાલીની સહભાગિતા તથા સતત સંવાદના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.





શ્રી સ્પંદન બાલમંદિરમાં વાલીશ્રી ભરતભાઈ જાડેજાએ પોતાના બાળકના સકારાત્મક વિકાસના અનુભવો શેર કરી અન્ય વાલીઓને પ્રેરિત કર્યા, જ્યારે મોન્ટેસરી સાધનો દ્વારા યોજાયેલી અનુભવાત્મક પ્રવૃત્તિ કાર્યક્રમનું વિશેષ આકર્ષણ બની.

શ્રી સી. એન. વિદ્યાલયમાં વાલીઓ અને વિદ્યાર્થીઓની સંયુક્ત બેઠક દ્વારા શિક્ષણને માત્ર શાળા પૂરતું નહીં, પરંતુ પરિવારની સહભાગિતા સાથે જોડવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો. આ વાલી મિટિંગો દ્વારા શાળા અને વાલીઓ વચ્ચે વિશ્વાસ, સંવાદ અને સહયોગનો સંબંધ વધુ મજબૂત બન્યો, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ આધારરૂપ બનશે.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૧ જુલાઈ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

પ્રિ પ્રાયમરી વિભાગ

જય જગન્નાથના જયઘોષ સાથે રથયાત્રાની ઉજવણી







કપડવંજ કેળવણી મંડળની શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ, સ્પંદન બાલમંદિર, શ્રી જડાવબા શિશુ કેન્દ્ર તથા એસ.સી. દાણી સ્કૂલમાં અષાઢી બીજ નિમિત્તે ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી. બાળકો શ્રીકૃષ્ણ, બલરામ અને સુભદ્રાજીના વેશમાં સજ્જ થઈ ઉત્સાહપૂર્વક રથયાત્રામાં જોડાયા હતા. આરતી, પ્રસાદ અને 'જય જગન્નાથ'ના ગુંજતા નાદ સાથે સમગ્ર કેમ્પસ ભક્તિમય બની ગયું.

બાળ આરોગ્યને પ્રાથમિકતા આપતો DPT રસીકરણ કાર્યક્રમ

બાળકોના સ્વાસ્થ્ય અને આરોગ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખી કપડવંજ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા શ્રી સ્પંદન બાલમંદિર, શ્રી જડાવબા



શિશુ કેન્દ્ર તથા શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ ખાતે DPT રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. મેડિકલ ઓફિસર ડૉ. કિનલ પટેલ તથા તેમની ટીમના માર્ગદર્શન હેઠળ સિનિયર કેજીના બાળકોને સફળતાપૂર્વક DPT રસી આપવામાં આવી. આ કાર્યક્રમ દ્વારા બાળકોના આરોગ્ય પ્રત્યે જાગૃતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવાની મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ८ अंक: ९१ जुलाई २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

દાણી સ્પોર્ટ્સ ફાઉન્ડેશન

સ્પોર્ટ્સ ફોર ટ્રાન્સફોર્મેશન ફેલોશિપ–2026 કોહોર્ટ 2 નો દીક્ષાંત સમારોહ યોજાયો









દાણી સ્પોર્ટ્સ ફાઉન્ડેશન (DSF) અને કપડવંજ કેળવણી મંડળ (KKM)ના સહયોગથી સ્પોર્ટ્સ ફોર ટ્રાન્સફોર્મેશન ફેલોશિપ–2026નો દીક્ષાંત સમારોહ ભવ્ય રીતે યોજાયો. 21 મહિનાની ફેલોશિપ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર 10 ફેલોઝને સન્માનિત કરવામાં આવ્યાં. આ ફેલોઝે કપડવંજ કેળવણી મંડળની વિવિધ સંસ્થાઓમાં, વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ તથા સમુદાયમાં એક વર્ષ સુધી વિદ્યાર્થીઓમાં સ્પોર્ટ્સના માધ્યમથી શારીરિક અને માનસિક વિકાસ વધે તે માટે કામ કર્યું. સમારોહમાં સરદાર પટેલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો. (ડૉ.) નિરંજનકુમાર પટેલ, KKMના પ્રમુખ ડૉ. હરીશ કુંડલિયા તથા DSFના સીઈઓ કમાન્ડર રાજેશ રાજગોપાલન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રમતગમતને શિક્ષણ, નેતૃત્વ, જીવનકૌશલ્ય, સમાવેશ અને સામાજિક પરિવર્તનના અસરકારક માધ્યમ તરીકે સ્થાપિત કરતી ફેલોશિપની સિદ્ધિઓને આ પ્રસંગે ગૌરવપૂર્વક ઉજવવામાં આવી. આ સાથે આ વર્ષે પણ ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલા નવા ફેલોઝનું સ્વાગત કરવામાં આવ્યું.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ८ अंक: ९१ जुलाई २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

સ્પોર્ટ્સ ફોર ટ્રાન્સફોર્મેશન ફેલોશિપ – કોહોર્ટ 4નું પ્રેરણાદાયી ઇન્ડક્શન

સ્પોર્ટ્સ ફોર ટ્રાન્સફોર્મેશન (SfT) ફેલોશિપના કોહોર્ટ-4નું ઇન્ડક્શન તા. 1 થી 15 જુલાઈ દરમિયાન સફળતાપૂર્વક યોજાયું. જેમાં ભારતના 9 રાજ્યોમાંથી આવેલા 20 ફેલોઝે ઉત્સાહપૂર્વક ભાગ લઈ રમતગમત દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાના પોતાના પ્રવાસની શરૂઆત કરી.







દાણી સ્પોર્ટ્સ ફાઉન્ડેશન (DSF) અને કપડવંજ કેળવણી મંડળ (KKM) દ્વારા આયોજિત આ ઇન્ડક્શનમાં સ્પોર્ટ્સ ફોર ડેવલપમેન્ટ, ફિઝિકલ લિટરસી, બાળ અધિકારો, POCSO, જાતીય સમાનતા, DSF કરિક્યુલમ અને HR જેવા વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. ઉપરાંત, KKM સંચાલિત શાળા મુલાકાતો અને ટીમ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા ફેલોઝે શિક્ષણ, નેતૃત્વ, સહભાગિતા અને બાળકેન્દ્રિત વિકાસનો વ્યવહારુ અનુભવ મેળવ્યો.







આ ઇન્ડક્શન ફેલોઝ માટે માત્ર તાલીમ નહીં, પરંતુ રમતગમત દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાના સંકલ્પને વધુ મજબૂત બનાવતો પ્રેરણાદાયી પ્રારંભ સાબિત થયો.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૧ જુલાઈ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વરિષ્ઠ નાગરિક મિત્ર વર્તુળમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

તા. ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ હેમેન્દ્રભાઈ તેલી પ્રેરિત અને કપડવંજ કેળવણી મંડળ સંચાલિત 'વરિષ્ઠ નાગરિક મિત્ર વર્તુળ' દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સ્વાસ્થ્યલક્ષી યોગ અને એરોબિક્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૨૨૦ જેટલા વરિષ્ઠ નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.





નિષ્ણાંત ધર્મિષ્ઠાબેન દ્વારા વડીલોની ઉંમરને અનુરૂપ યોગાસનોનું માર્ગદર્શન આપવામાં આવ્યું. અને ફિટનેસ ટ્રેનર અક્ષયભાઈએ રોજિંદા જીવનમાં સરળતાથી અપનાવી શકાય તેવા એરોબિક્સના સ્ટેપ્સ શીખવ્યા. આ માર્ગદર્શનથી વડીલોને સ્વસ્થ અને સક્રિય જીવનશૈલી જાળવવા માટે પ્રેરણા મળી.







કાર્યક્રમ દરમિયાન ૬૫ સભ્યોના જન્મદિવસની સામૂહિક ઉજવણી તથા અંતે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમથી વડીલોમાં નવી ઊર્જા, ઉત્સાહ અને આનંદનો સંચાર થયો અને તેમણે કપડવંજ કેળવણી મંડળના આ સુંદર આયોજનની હૃદયપૂર્વક પ્રશંસા વ્યક્ત કરી.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ

વર્ષ: ૮ અંક: ૯૧ જુલાઈ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

નાની વાત.. મોટી અસર..

મોબાઇલ મુક્તિ તરફ પ્રેરણાદાયી પહેલ



બાળકોમાં વધતા મોબાઇલ વપરાશને ધ્યાનમાં રાખી ગત વર્ષે મોબાઇલના દૂષ્પ્રભાવ વિષયક પર શ્રી સ્પંદન બાલમંદિરમાં નાટક રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શિક્ષકોએ સતત જાગૃતિ અને પ્રેરણાત્મક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સકારાત્મક પરિવર્તન લાવવાના પ્રયત્નો ચાલુ રાખ્યા. તેના પરિણામે વિદ્યાર્થી માર્મિક સંકેતભાઈ પટેલે પોતાના ઘરે મોબાઇલનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરી દીધો, જેની જાણ શાળાને તેના પરિવારજનો દ્વારા કરવામાં આવી. બાળકના આ સરાહનીય પ્રયાસને બિરદાવવા તેને વર્ગ મોનિટર બનાવી બીજા બાળકોને પ્રોત્સાહિત કરવાની જવાબદારી સોંપવામાં આવી. તેનાથી પ્રોત્સાહિત થઈ જો કોઈ બાળક મોબાઇલનો ઉપયોગ ના કરે તેને પણ ૧૦ દિવસ માટે વર્ગ મોનિટર બનવાની તક આપવામાં આવશે તેવી પ્રેરણાદાયી પહેલ શરૂ કરવામાં આવી. જેનાથી બાળકોમાં મોબાઈલ જોવાનું પ્રમાણ ઘટતું જોવા મળ્યું છે.



તસવીર જે દિલ જીતી લે...

એકબીજાની સાથે હસતાં-રમતાં શીખવાની મજા જ કંઈક અલગ હોય છે.
બાળપણની નિર્દોષ ક્ષણો દિલને સ્પર્શી જાય છે. આવી જ ક્ષણો શાળાને સાચા અર્થમાં જીવંત બનાવે છે.
આ જ નિર્દોષ મિત્રતા, સહકાર અને આનંદ જીવનભરની મીઠી યાદો બની રહે છે.
બાળપણની આવી સહજ પળોમાં જ સંસ્કાર, સ્નેહ અને સાચા સંબંધોના બીજ વાવાય છે. 🌸



તસવીર સૌજન્ય:
નિમ્મી સોની
(પ્રિન્સિપાલ - શ્રી સ્પંદન બાલ મંદિર)

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ

વર્ષ: ૮ અંક: ૯૧ જુલાઈ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર આયોજિત ફોટો ગ્રાફી સ્પર્ધા



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૧ જુલાઈ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કપડવંજ કેળવણી મંડળ મંડળ

શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર



ફોટોગ્રાફી સ્પર્ધાના નિયમ

સ્પર્ધાના વિષય : 1. કુદરત-પ્રકૃતિ-વરસાદ 2. નગર જીવન - સ્ટ્રીટ લાઈફ

- આ સ્પર્ધા કપડવંજ નગર તથા તાલુકાના તમામ બાળકો અને વ્યક્તિઓ માટે ઓપન મુકવામાં આવી છે.
- ફોટોગ્રાફની એન્ટ્રી whatsapp પર મોકલો તેમાં નીચે વિભાગ, નામ , જન્મ તારીખ, શાળાનું નામ, મોબાઈલ નંબર લખી એન્ટ્રી મોકલવાની રહેશે, આ માહિતી આપવી ફરજિયાત છે.
- (૧) વિભાગ-1 પ્રાથમિક ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે (૨) વિભાગ-2 માધ્યમિક ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે (૩) વિભાગ-3 ઓપન વિભાગ કોલેજના વિદ્યાર્થીઓ તથા તેની ઉપરના તમામ નાગરિકો માટે

૧. ફોટોગ્રાફ મોબાઈલ ફોન કે કેમેરાથી પડેલો હોવો જોઈએ. આ સ્પર્ધાનો હેતુ સ્પર્ધકની સર્જનાત્કતા, મૌલિકતા અને ફોટોગ્રાફીના શોખને આગળ વધારવાનો હોવાથી ઇન્ટરનેટ પરથી ડાઉનલોડ કરેલ, એડિટ કરેલ કે બીજા કોઈનો પડેલો ફોટો સ્પર્ધામાં રદ ગણાશે.

૨. AI દ્વારા બનાવેલો અથવા AI થી એડિટ કરેલો ફોટો માન્ય રહેશે નહીં.

૩. ઇન્ટરનેટ પર થી લીધેલ અથવા અન્ય કોઈ વ્યક્તિના પાસેથી લઇ મોકલાવેલ ફોટો સ્વીકારવામાં આવશે નહીં.

૪. ફોટો ક્રોપ કરવો, બ્રાઇટનેશ, કોન્ટ્રાસ્ટ અને કલરનું સામાન્ય સુધારવું મંજૂર રહેશે પરંતુ ફોટાની વાસ્તવિકતા બદલાય તેવો ફેરફાર માન્ય રહેશે નહીં

૫. ફોટોગ્રાફ વિષયને અનુરૂપ હોવો જોઈએ, નહીં તો તેને રદ કરવામાં આવશે.

૬ સ્પર્ધા કુલ ત્રણ વિભાગમાં છે, માટે ઉપરોક્ત જણાવેલ માહિતી સાથે નીચે આપવામાં આવેલ મોબાઈલ નંબર પર whatsapp થી સ્પર્ધક દીઠ એક જ ફોટોJPG/JPEG ફોર્મેટમાં મોકલવનો રહેશે. એકથી વધારે ફોટા મોકલ્યા હશે એ સંજોગોમાં પ્રથમ મોકલેલ ફોટો જ માન્ય ગણાશે.

૭. ફોટામાં અશ્લીલ, અપમાનજનક, હિંસક અથવા ધાર્મિક જાતિવાદ લાગણી દુભાય તેવી બાબત ન હોવી જોઈએ.

૮. ફોટામાં દેખાતી વ્યક્તિને ગોપનીયતા અને સંમતિ નો આદર રાખવો જરૂરી છે ખાસ કરીને બાળકોના ફોટા માટે લાગુ પડે છે.

૯. વિભાગ પ્રમાણે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઇનામ આપવામાં આવશે

૧૦. જરૂરી જણાશે તો ,મૂળ ફોટો બતાવો ફરજિયાત રહેશે આયોજક માગી શકે છે

૧૧. સ્પર્ધામાં આપેલ ફોટોગ્રાફ નો ઉપયોગ કપડવંજ કેળવણી મંડળ પોતાની રીતે કરી શકશે નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વ માન્ય ગણાશે

વધુ માહિતી માટે સંપર્ક કરો મોબાઈલ નંબર : ૯૯૭૮૯૦૭૦૨૩ સમય : સવારે ૯ થી સાંજે ૫